દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૨૩ નવેમ્બર, ૨૦૨૬

દુનિયાના ડ્રગ નેટવર્ક પર કબજો ધરાવતા એલ ચાપોએ નાનપણથી જ ગુનાખોરીમાં પગ મૂકી દીધો હતો

જેની પર 46 કરોડનું ઇનામ હતું અને અમેરિકાની તપાસ એજન્સી FBIની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ ડ્રગ માફિયા ક્વાઇસ્ટો ઇસિદ્રો મેજા ફ્લોરેસની મેક્સિકોની સેનાએ ધરપકડ કરી લીધી છે.


૧૯૮૨માં મેક્સિકોના સોનોરા રાજ્યના નાવોજોઆમાં જન્મેલા ઇસિદ્રોએ નાની ઉંમરમાં જ દાણચોરી અને સંગઠિત ગુનાખોરીની દુનિયામાં પગ મૂક્યો. સમય જતાં તે સિનાલોઆના ગુઆસાવે વિસ્તાર અને આસપાસના પ્રદેશોમાં પોતાનો પ્રભાવ વધારવામાં સફળ રહ્યો. મેક્સિકન અને અમેરિકન તપાસ એજન્સીઓના અહેવાલો મુજબ, તેણે બે દાયકાથી વધુ સમયમાં એક મજબૂત અને બહુસ્તરીય ગુનાહિત નેટવર્ક ઊભું કર્યું હતું. આ નેટવર્કની ખાસિયત એ હતી કે તે સ્થાનિક સ્તરના હથિયારધારી જૂથો, લોજિસ્ટિક્સ સંભાળતા સંચાલકો અને આર્થિક વ્યવહારોનું સંચાલન કરનારા સહયોગીઓ સાથે જોડાયેલું હતું. સિનાલોઆ કાર્ટેલના આંતરિક સંઘર્ષો અને જૂથબંધી વચ્ચે ઇસિદ્રોના જૂથે પોતાની સ્વતંત્ર ઓળખ અને તાકાત જાળવી રાખવાનો પ્રયાસ કર્યો. તપાસ એજન્સીઓ અનુસાર, તે સિનાલોઆ કાર્ટેલના 'લોસ મેયોસ' જૂથ સાથે મહત્વપૂર્ણ સંબંધ ધરાવતો હતો અને પ્રદેશના નિયંત્રણ માટે ચાલતા સંઘર્ષોમાં તેની ભૂમિકા નોંધપાત્ર રહી હતી. દાણચોરી અને ગુનાહિત પ્રવૃત્તિઓનું નેટવર્કઇસિદ્રોના નેટવર્કની મુખ્ય આર્થિક તાકાત ગેરકાયદેસર માદક દ્રવ્યોની ઉત્પાદન અને દાણચોરીમાંથી આવતી હતી. અમેરિકન ન્યાય વિભાગ અને તપાસ સંસ્થાઓના આરોપો મુજબ, આ નેટવર્ક મોટા પ્રમાણમાં કોકેન, મેથામ્ફેટામાઇન, હેરોઇન અને મારિજુઆના જેવા પદાર્થોનું ઉત્પાદન, પરિવહન અને અમેરિકામાં દાણચોરી કરવાની પ્રવૃત્તિમાં સંડોવાયેલું હતું.માત્ર ડ્રગ દાણચોરી પૂરતી મર્યાદિત ન રહેતા, આ નેટવર્ક પર ખંડણી વસૂલી, અપહરણ, ત્રાસ અને હત્યા જેવા ગંભીર ગુનાઓના પણ આરોપ મુકાયા હતા. ગુનાહિત કમાણીને કાયદેસર દર્શાવવા માટે મની લોન્ડરિંગના માર્ગો અપનાવવામાં આવતા હતા, અને હથિયારોની હેરાફેરી દ્વારા જૂથને અત્યંત સજ્જ રાખવામાં આવતું હતું. સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન પોતાના જૂથના વાહનોને પ્રતિસ્પર્ધીઓથી અલગ ઓળખવા માટે વાહનો પર ખાસ નિશાન રાખવા જેવી વ્યૂહરચનાઓ પણ આ નેટવર્કમાં જોવા મળતી હતી. આ પ્રકારની શિસ્તબદ્ધ છતાં હિંસક રચનાએ તેને કાયદા અમલીકરણ એજન્સીઓ માટે મોટો પડકાર બનાવ્યો હતો. આંતરરાષ્ટ્રીય મોસ્ટ વોન્ટેડ યાદી અને ધરપકડ ઇસિદ્રોની ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે મેક્સિકો તેમજ અમેરિકાની એજન્સીઓએ તેને લાંબા સમય સુધી રડાર પર રાખ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૫માં તેને અમેરિકાની ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (FBI)ની 'ટેન મોસ્ટ વોન્ટેડ ફ્યુજિટિવ્સ' યાદીમાં સામેલ કરવામાં આવ્યો હતો. તેના પર નાર્કો-ટેરરિઝમ, સતત ગુનાહિત સાહસ ચલાવવા, મની લોન્ડરિંગ અને ઘાતક હથિયારોના ઉપયોગ જેવા ગંભીર આરોપો નોંધાયેલા હતા. લાંબા સમયથી ચાલતી ગુપ્તચર માહિતી અને સંયુક્ત સંકલનના પરિણામે, નવેમ્બર ૨૦૨૬માં મેક્સિકન સેના અને વિશેષ દળોએ સિનાલોઆના ગુઆસાવે વિસ્તારમાં મોટી કાર્યવાહી કરીને ઇસિદ્રો તથા તેના કેટલાક નજીકના સહયોગીઓને ઝડપી લીધા. આ કાર્યવાહી દરમિયાન ભારે ગોળીબાર અને સંઘર્ષ થયો, જેમાં સુરક્ષા દળોના જવાનો સહિત અનેક લોકોના મોત થયા હતા. ધરપકડ બાદ તેને મેક્સિકો સિટી લાવીને આગળની કાયદાકીય કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો. ધરપકડ પછીની હિંસા અને ભવિષ્યના પડકારોકોઈ પણ મોટા કાર્ટેલ નેતાની ધરપકડ બાદ તાત્કાલિક પ્રતિક્રિયા રૂપે હિંસા ભડકવાની ઘટના મેક્સિકોમાં અગાઉ પણ જોવા મળી છે, અને ઇસિદ્રોની ધરપકડ બાદ પણ સિનાલોઆમાં તણાવ અને હિંસાના બનાવો નોંધાયા. ગુઆસાવે અને આસપાસના વિસ્તારોમાં રસ્તાઓ બંધ કરવા, વાહનો સળગાવવા અને જાહેર સ્થળો નજીક ગોળીબાર થવાથી સામાન્ય નાગરિકો અને સ્થાનિક વેપાર-ધંધા પર સીધી અસર પડી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે સુરક્ષા દળોએ વિસ્તારમાં તૈનાતી જાળવી રાખવી પડી.

રમેશ પારેખના કાવ્યશિલ્પનું સૌંદર્યદર્શન કરાવતું સંપાદન

વેરણછેરણ મારે ભમવું સતત જાતરા ક્યારે થશે?
ગાતાં ખોવાઈ ગયું ગીત કે હવે શોધું ક્યાં કલવરની ભીડમાં
મારી છાતીના રાફડામાં ચાહવું બનીને એક ગોરમોર પોઢેલો નાગ છે
આવ સખી આવ સેને છંછેડી નાખ તારી મહુવરમાં મૂંઝાતો રાગ છે
આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં.
આ ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહીં.
આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે
કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે

ને...ને...ને... એવું તો અઢળક છે રમેશ પારેખના કાવ્યત્વના નામે. એક ખોળામાં આખું ચોમાસું ક્યાં સમાવવું? આ તો સામે રમેશ પારેખનો જન્મદિવસ આવ્યો છે- 27 નવેમ્બર (1940). આ અપલખણા ઈશ્વરે તેમને અમથા જ સંતાડી દીધા ને બસ, અલોપ તે અલોપ. ગુજરાતી કાવ્યભાષાને રમેશ પારેખ જેવો કવિ હવે ક્યારે મળશે.

રમેશ પારેખનાં ગીતો વિશે અત્યાર સુધીમાં આપણે ત્યાં ઘણું લખાયું છે અને તેમની કવિતાના વિશેષો તારવતાં ઘણાં સંપાદનો પણ થયાં છે. રાજેશ પંડ્યાનું સંપાદન હમણાં છેલ્લે બે વર્ષ પહેલાં ઉમેરાયું છે. કોઈ કવિની સર્જકતા વિવેચકો સંપાદકોની નવી પેઢીનેય પાર કરતી રહે તે તો તેમની કવિતાના સામર્થ્યનો સૂચક છે. ઘણી વાર અમુક સમયે ખૂબ નવાજાયેલા કવિ પછીના સમયના ભાવક-વિવેચક સામે જાણે ટકી શકતા નથી. રાજેશ પંડ્યા સ્વયં કવિ છે. અત્યારના સમયના તેજસ્વી કાવ્યવિવેચક છે. ગુજરાતી કવિતાએ મધ્યકાલીનથી આજ સુધીના વિવિધ તબક્કાઓમાં રહી જે પ્રવાસ કર્યો છે તેના અધ્યેતા છે. રમેશ પારેખનાં ગીતોમાં રહેલા કાવ્યત્વને પારખવા આપણી ભાષામાં ગુજરાતી-ભારતીય સંસ્કારમાં અનેક રીતે અનેક જીવન જીવાતાં પ્રગટેલી વાણીમાં બોલાશમાં જે અનેક લય, લહેકા અને સમાજજીવન, કુટુંબજીવન, ધર્મજીવન અને આપણાં મહાકાવ્યોના સંદર્ભો રહેલા છે તે પામવા-પરખવાની શક્તિ જોઈએ. આપણા કાવ્ય પ્રકારોનો અભ્યાસ જોઈએ. રમેશ પારેખની સર્જકતામાં કંઈ કેટલુંય એકસામટું ઊતરી આવેલું. રાજેશ પંડ્યાના સંપાદનમાં એ કાવ્યવિશેષોને ઓળખાવવાનો સઘન પ્રયાસ છે અને સાથે રમેશ પારેખની સર્જકતાનું પ્રતિનિધિત્વ કરતાં સાઠ કાવ્યો છે. ફક્ત સાઠ જ કાવ્ય પસંદ કરવાં અને રમેશ પારેખ જેવા સર્જકતાથી ફાટફાટ કવિના તેર જેટલા કાવ્યસંગ્રહમાંથી પસંદ કરવાં તેમાં મોટો પડકાર છે પણ રમેશ પારેખનાં અગાઉ થયેલાં સંપાદનોમાં બાકી ઘણાં કાવ્યો મળી આવશે. રાજેશ પંડ્યાએ જે કહેવું છે તેનાં ઉદાહરણ બને એટલાં કાવ્યો સમાવ્યાં છે અને સંપાદનના આરંભે કવિ પરિચય રમેશ પારેખની કવિતા નામના બે લેખમાં સઘન રીતે વાત કરતા અનેક કવિતાના સંદર્ભો સંપડાવ્યા છે. પુસ્તકનાં પાછલાં પૃષ્ઠોમાં રમેશ પારેખનાં ગીતો શીર્ષક હેઠળ પ્રમોદકુમાર પટેલ, રમેશ પારેખનાં ગીતોની પ્રભાવકતા શીર્ષક હેઠળ લાભશંકર પુરોહિતના લેખ સમાવવા ઉપરાંત મકરંદ દવે, ઉશનસ્, સુરેશ દલાલ, લાભશંકર પુરોહિત, લાભશંકર ઠાકરથી માંડી અન્ય મહત્ત્વના વિવેચકોનાં અવતરણો છે. એમ કહી શકાય કે રમેશ પારેખના કાવ્યવિશેષને જે જે વિવેચકોએ આ ગવાં નિરીક્ષણોમાં વિધાન બને એવી સજ્જતાથી સમાવ્યો તેનું પણ અહીં સંપાદન થયું છે.



પુસ્તકઃ કાવ્યવિશેષઃ રમેશ પારેખ
સંપાદનઃ રાજેશ પંડ્યા
પ્રકાશકઃ અનુબોધ્ય પ્રકાશન, અમદાવાદ - **૩૮૦૦૦૧ મૂલ્યઃ રૂ. ૨૦૦/-**

રાજેશ પંડ્યા આરંભે જ કહે છે કે રમેશ પારેખે લગભગ ચાર દાયકા સુધી ગીતલેખન કર્યું પણ એમનાં ગીતોએ છેલ્લે સુધી તાજગી છોડી નહોતી. એમના પછી ગીતકવિતાઓની બે-બે પેઢી આવી છતાં તેમનું ગીતકવિ તરીકેનું સ્થાન અવિચળ રહ્યું. રાજેશ પંડ્યાના આ વિધાન સાથે સહમત થવું જ પડે કારણ કે રમેશ પારેખ પછીય જે ગીરકવિઓ આવ્યા તેમણે રમેશ પારેખથી અલગ પડવા ઘણા સઘન યત્નો કર્યા તો પણ એવા તો ઓછા જ નીવડ્યા જે રપાને વટાવી શકે. કેટલાકે દીર્ઘલય પ્રયોગો કર્યા. સાવ ઉફરાં કલ્પન-પ્રતીક પણ પ્રયોજ્યાં. એ ગીતો ગમ્યા પછીય ભાવકોએ કહેવું પડ્યું કે રમેશ પારેખ એટલે રમેશ પારેખ. રાજેશ પંડ્યાનું સંપાદકીય પ્રયોજન પણ રમેશ પારેખની વિલક્ષણ રચનાઓનું કાવ્યત્વ ભાવક સુધી પહોંચે તે જ છે. કવિના પ્રથમ કાવ્યસંગ્રહથી માંડી અંતિમ કાવ્યસંગ્રહના વિશેષો તારવતાં તારવતાં અત્યંત સઘન ભાવે સંપાદકે પોતાનાં નિરીક્ષણો નોંધ્યાં છે. રમેશ પારેખનો પ્રથમ કાવ્યસંગ્રહ ક્યાં હતો. તેના વિશેનું નિરીક્ષણ છે કે ક્યાં સંગ્રહનાં ઘણાં ગીતોમાં કવિએ, પરંપરાગત લોકગીતનાં તત્ત્વોનો નૂતન વિનિયોગ કર્યો છે. પછી આ નિરીક્ષણને બે ગીતનાં ઉદાહરણ વડે વધુ ઘૂંટે છે ને સ્પષ્ટ કરે છે કે ગીતો પર ગુજરાતી લોકગીતનો જે પ્રભાવ છે તે કેવી નવ્યતા ધારણ કરી રમેશ પારેખનો બને છે. લોકગીતની અભિવ્યંજનાશક્તિથી વિશેષ કાવ્યાત્મક અભિવ્યક્તિ તરફની ગતિ પણ તેમાં જોઈ શકાય. સંપાદકનું એ પણ નિરીક્ષણ છે કે રમેશ પારેખની લોકગીતસદશ રચનાઓ નાયિકાકેન્દ્રી છે. આ નિરીક્ષણને તેઓ કવિના ત્યાર પછીના સંગ્રહોના ગીતોનાં ઉદાહરણ વડે વધુ દઢાવે છે પણ સાથે જ વિષયની બાબતમાં કવિ કશું નવું તાકતા નથી. પરંતુ ગીતસ્વરૂપનાં લગભગ બધાં જ ઘટકો પર નવેસરથી કામ જરૂર કરે છે અને એવું કહેતાં કહેતાં એવી નિરીક્ષા સાંપડે છે કે લોકપ્રતીકોને બદલે કાવ્યાત્મક પ્રતીકો પ્રયોજાય છે. પરિણામે, અભિવ્યક્તિ વધુ સંકુલ બનતી જાય છે! સંપાદક એમ પણ ઉમેરે છે કે, 'બીજો કવિ ગીતરચના માટે જેનો સ્વપ્ને પણ વિચાર ન કરે એવા અનેક વિષયો પર એમણે સફળ ગીતો લખ્યાં છે!' સંપાદક ઉદાહરણો સાથે જ વિશેષો સંપડાવે છે અને બને છે એવું કે જે ગીત હોય તે ભાવક સામે નવાં સૌંદર્યબિન્દુઓથી ઝલમલી ઊઠે છે. રાજેશ પંડ્યાએ જે જે વિશેષ સાચવ્યા છે તેની સાથે રાખી ફરી વાંચશો તો રમેશ પારેખ ફરી નવી રીતે આકર્ષશે. ગીતોમાં રહેલી નાટ્યાત્મક અને કથનાત્મક પ્રયુક્તિઓનો કુશળ વિનિયોગ સોદાહરણ નોંધ્યા પછી ક્યાં પાત્રગીતોમાં એ વિનિયોગ ગીતને આકર્ષક બનાવે છે તે પણ ઉમેર્યું છે અને તે વાંચતાં થશે કે રમેશ પારેખે કેટલાં બધાં પાત્રગીતો લખ્યાં છે.



અક્ષરની આરાધના
સંપાદનઃ બકુલ ટેલર

અઠ્ઠાવીસ જેટલાં પૃષ્ઠોમાં સંપાદકે અનેક દૃષ્ટિએ રમેશ પારેખના કાવ્યવિશેષો તારવ્યા છે અને તેમાં ગઝલ, ગદ્યકાવ્યોને પણ સમાવ્યા છે. સુરેશ જોષીએ પ્રવર્તાવેલા આધુનિકતાના સમયખંડમાં રમેશ પારેખે પોતાની સર્જકતા સિદ્ધ કરી હતી. આધુનિકતાનો પ્રચલિત વિભાવોને કવિએ પોતાના આગવા કાવ્યબળે કેવા ઓગાળ્યા અને પરંપરાને અપનાવવા છતાં તેમાં કેવાં નવોન્મેષ દાખવી 'અધુના' બનાવ્યા તેનો આ સંપાદનમાં ચમત્કૃતિ સાથે વિવેચ્યદૃષ્ટિ અનુભવ થાય છે. સંપાદકો પ્રમોદકુમાર પટેલ અને લાભશંકર પુરોહિતનાં જે લેખ સમાવ્યા છે તે વાંચતાં થશે કે પોતે જે કહ્યું છે યા કહ્યું છે તેના સમર્થન માટે આ લેખો નથી બલ્કે વધુ નક્કર અભ્યાસ કરનારા વિવેચકોને પણ ભાવક પામે એવો આગ્રહ વર્તાય છે. તેમાંય લાભશંકર પુરોહિત જ્યારે, 'અંતઃશ્રુતિને આંદોલિત કરી મૂકતી અને તે દ્વારા અસ્ફુર રસોત્કર્ષને લડાવતી લયસંસિદ્ધિ એ રમેશ પારેખની ગીતકવિતાની આગવી ગુણસંપત્તિ છે' એવું કહે ત્યારે થાય કે રમેશ પારેખને તો આપણે ગુમાવ્યા ને તેમના કાવ્યસૌંદર્યના ઊંડા ગહ્વરોમાં જઈ પામી શકે એવા વિવેચક પણ ગુમાવ્યા છે. રાજેશ પંડ્યાનું સંપાદન રમેશ પારેખની સર્ગશક્તિના વિશેષોને જે રીતે સંપડાવે છે તેમાં આપણું કાવ્યવિવેચન પણ વધુ સમૃદ્ધ થયાનું અનુભવાશે. રમેશ પારેખની કવિતાની સંરચના તપાસવી એક પડકાર છે. દેખીતી રીતે એ રચનાઓ સંમોહક છે, લયમાં ઝુલાવી ભાવનતોષ કરાવનારી છે પણ તે પરંપરાથી મોડી લોકજીવનનાં, માનવમનનાં એવાં એવાં કલ્પન, પ્રતીકોથી સભર છે કે તેના વડે રચાયેલી સંકુલતા વિવેચકથી છટકી પણ જાય. હા, એવુંય થશે કે સાઠથી વધુ સમાવી શકાય એટલા મબલખ તો રમેશ પારેખ છે જ તો આટલી જ રચના? પણ સંપાદક માટે વાત તો નિમિત્તે રમેશ પારેખના કાવ્યવિશેષને સંપડાવી આપવાની રહી છે. રાજેશ પંડ્યા આવા પ્રકારનાં અન્ય સંપાદનો વડે આપણી કાવ્યપરંપરાના અન્ય કવિઓ, જે તેમને સમર્થ જણાતા હોય તેના અભ્યાસ આપે તેવી અપેક્ષા સહજ છે. ઉત્તમ કાવ્યવિવેચન એ કોઈ સહેલી વાત નથી. એવા વિવેચકને સંપાદન કરી શકે એટલી કોઈ એક કવિની કવિતા સાંપડવી પણ સહેલી તો નથી.

આજનો શબ્દ છે : ભવોભવ

સંસ્કૃત શબ્દ 'ભવ' પરથી આવેલો શબ્દ 'ભવોભવ' છે. વ્યાકરણની દૃષ્ટિએ આ દ્વિરુક્તિ પામેલો અવ્યય છે, એટલે કે એક જ શબ્દ બે વાર વપરાવાથી બનેલો શબ્દ છે. ભવ એટલે ઉત્પત્તિ થવી, જન્મ લેવો, જન્મારો લેવો. ભવ શબ્દ બેવડાઈને 'ભવોભવ' થયો, એટલે કે દરેક જન્મમાં, જન્મોજન્મ, પ્રત્યેક ભવમાં.

શબ્દ પ્રકાશ

વચન

સત્યના બહુ ઓછા મિત્રો હોય છે અને એ ઓછા મિત્રો આત્મઘાતી હોય છે.
અંતોનિયો પોર્ચિયા (આર્જેન્ટિનાના કવિ)

માનવી માત્રની ભીતર પડેલી જિજીવિષા એટલે કે જીવવાની અનિવાર્ય તાલાવેલી જ માણસને પરિસ્થિતિ સામે ટકી રહેવાનું બળ પૂરું પાડે છે.
સ્વામી આનંદ (ગાંધીવાદી કાર્યકર, ગદ્યસ્વામી)

સાચો પ્રવાસી એ નથી જે માત્ર ભૌગોલિક અંતર કાપે છે, પરંતુ એ છે જે પ્રકૃતિ અને માનવહૃદયના અગોચર ખૂણાઓને પોતાની સંવેદનશીલ આંખોથી જોઈ શકે છે.
કિશનસિંહ ચાવડા (નિબંધકાર, વાર્તાકાર)

જે લોકો દુનિયા સામે લડે છે, તેમણે પોતાની એક અલગ દુનિયા બનાવવી પડે છે.
કમલેશ્વર (હિન્દીના વાર્તાકાર, નવલકથાકાર)

નિયતિ કોઈ પૂર્વનિર્ધારિત વસ્તુ નથી, તે માનવીના નિર્ણયો દ્વારા ઘડાય છે.
ધર્મવીર ભારતી (હિન્દીના નવલકથાકાર, કવિ, નાટ્યલેખક)

હું પૂછું, તમે કહો

(1) રમેશ પારેખના 'ગોરમાને પાંચે આંગણીએ પૂજ્યા...' ગીત કે પછી રાવજી પટેલના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' જેવા ગીતોના સ્વરકાર કોણ હતા?
(ક) અવિનાશ વ્યાસ (ખ) પુરુષોત્તમ ઉપાધ્યાય
(ગ) ક્ષેમુ દિવેટિયા (ઘ) નીનુ મઝુમદાર

(2) ગુજરાતી સાહિત્યક્ષેત્રે જેમની ઓળખ 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકેની છે, તે વાર્તાકાર અને નવલકથાકાર કોણ?
(ક) જયંતી દલાલ (ખ) વીનેશ અંતાણી
(ગ) પીતાંબર પટેલ (ઘ) ર. વ. દેસાઈ

(3) ગોવર્ધનરામ ત્રિપાઠીએ જે યુનિવર્સિટીમાંથી બી.એ. અને એલ.એલ.બી.ની ડિગ્રી, કનૈયાલાલ મુનશી અને મહાદેવ દેસાઈએ જ્યાંથી એલ.એલ.બી.ની ડિગ્રી, ઉમાશંકર જોષીએ જ્યાંથી એમ.એ.ની ડિગ્રી અને રમણભાઈ નીલકંઠે જ્યાંથી બી.એ.ની ડિગ્રી મેળવી હતી, તે યુનિવર્સિટી કઈ?
(ક) ગુજરાત વિદ્યાપીઠ (ખ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
(ગ) મુંબઈ યુનિવર્સિટી (ઘ) ગુજરાત યુનિવર્સિટી

(4) ગુજરાતી રંગભૂમિ પર અભિનેતા તરીકે અનેક યાદગાર ભૂમિકાઓ ભજવનારા અને 'ગુજરાતી નાટ્ય' માસિકના તંત્રી રહેલા મધુકર રાંદેરિયા, જેઓ સિદ્ધાર્થ રાંદેરિયાના પિતા છે અને મુંબઈની જયહિન્દ કોલેજ તેમજ ભારતીય વિદ્યાભવન કોલેજમાં અધ્યાપક હતા, તેમના રંગભૂમિ જીવનનાં સ્મરણગ્રંથનું નામ શું છે?
(ક) ઘંટડી રણકે છે, પડદો ઉપડે છે (ખ) તખ્તો બોલે છે
(ગ) સ્મરણ મંજરી (ઘ) થોડાં આંસુ, થોડાં ફૂલ


(5) ગુજરાતી સાહિત્યક્ષેત્રે જેઓ 'કાકદૃષ્ટિ વિવેચક' તરીકે ઓળખાતા અને જેમનું 'અનાર્યનાં અડપલાં અને બીજા પ્રકીર્ણ લેખો' પુસ્તક આજે પણ વાંચવું ગમે તેવું છે, તેવા પારસી વિવેચક અને સંશોધકનું નામ શું?
(ક) ખબરદાર (ખ) જહાંગીર એદલજી સંજાણા
(ગ) બહેરામજી મલબારી (ઘ) દાદાભાઈ નવરોજી

ઉ-૫ 'ક-૨ 'ઇ-૯ 'ઉ-૨ 'ઇ-૬
૧૭૩૮૨૬

ઓહ, આપણા રાજેન્દ્ર શુક્લની વિદાય

પુકારો ગમે તે સ્વરે, હું મળીશ જ સમયના કોઈ પણ ઘરે હું મળીશ જ

ઋષિકવિ તરીકે ઓળખાતા રાજેન્દ્ર શુક્લ (૧૨ ઑક્ટોબર ૧૯૪૨ - ૨૨ નવેમ્બર ૨૦૨૬)એ વિદાય લીધી. દેખાવે તેઓ હતા ય ઋષિ જેવા ને થોડા ગિરનારી જોગી. અરબી મૂળ ધરાવતી ગઝલના સ્વરૂપ ગઝલને તેમણે સંસ્કૃત તત્સમના ભાષારૂપ સાથે ગુજરાતીમાં રોપી. વિષય, છંદ, રદીફ-કાફિયા, મિસરા, મત્લા બધું બદલી કાઢ્યું. ગઝલનો બહિરંગ અને અંતરંગ બદલ્યો. જે પ્રકારની ગઝલો વડે શાયરો વાહવાહ લૂંટતા હતા તે ગઝલ જાણે મંત્રોચ્ચાર સમી થતી લાગી. રાજેન્દ્ર શુક્લની ગઝલમાં જે મિજાજ હતો તે નોખો હતો. કાવ્યત્વની સૂક્ષ્મતા સાથે વેદ-ઉપનિષદથી ચાલી આવેલું જીવનદર્શન એ રીતે ભળી ગયું કે જે અપૂર્વ હતું. ગુજરાતી ગીત માટે રમેશ પારેખ છે તેમ ગઝલ વિશે રાજેન્દ્ર શુક્લ. સુરેશ જોષીએ પ્રવર્તાવેલી આધુનિકતામાં એક અર્થમાં તો ગઝલ સ્વરૂપ વિશે વિચાર જ નહોતો. એ આધુનિકતા કાવ્યસંદર્ભે તો ગીત, ગઝલ, સોનેટ, ભજન જેવા કાવ્યપ્રકારોને નહીં, અછાંદસને સ્વીકારતી હતી. પણ આદિલ મનસૂરી, મનોજ ખંડેરિયા, ચિનુ મોદી, શ્યામ સાધુ, હરીશ મીનાશ્રુ, અદમ ટંકારવી જેવા સાથે રાજેન્દ્ર શુક્લએ ગઝલમાં આધુનિકતા [અથવા આધુનાત્મકતા] જુદી રીતે સિદ્ધ કર્યું. આમાં પણ રાજેન્દ્ર શુક્લનો ઓટલો તો ઓર જુદો. રાજેન્દ્ર શુક્લ તો જીવન પણ વળી જુદું જીવ્યા. સંસ્કૃત અને પ્રાકૃત વિષયોમાં બી.એ. અને પછી એમ.એ. થયેલા રાજેન્દ્ર શુક્લ આજીવન અધ્યાપક રહી શક્યા હોત પણ દાહોદમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવ્યા પછી બહુ વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. (આપણા ભુપેશ અધ્વર્યુનું પણ એવું). પોતે તો ભણાવ્યું નહીં પણ પોતાના સંતાનોને પણ શિક્ષણસંસ્થામાં ભણવા મુક્યા નહીં. ઘરે જ ભણાવ્યું. આવા પ્રયોગ રાજેન્દ્ર શુક્લ જ કરી શકે. તેઓ ખરા અર્થમાં વિદ્રોહી હતા એટલે જ ગઝલ



જે સ્વરૂપે દૃઢ થઈ હતી તેને તેમણે તે સ્વરૂપે નહીં સ્વીકારી. અરબી મૂળની ગઝલને ઋષિ-જોગીની દાઢી ઊગી નીકળી. રાજેન્દ્ર શુક્લનો ગઝલપાઠ સાંભળનારા કહેશે કે એ ગઝલ કોઈ મંત્રગાન સમી ભાવકચિત્તમાં ઊતરતી. ૧૯૭૦માં 'કોમલ રિષભ' પછી 'અંતર ગંધાર' અને 'ગઝલસંહિતા'નાં ચાર ગ્રંથ. ૨૦૦૭માં સાહિત્ય અકાદમી-દિલ્હીએ તેમને જે એવોર્ડ આપ્યો તે એ રીતે વિશિષ્ટ કહેવાય કે ગઝલ સ્વરૂપમાં એ એવોર્ડ બહુ ગયા નથી. નરસિંહ મહેતા પુરસ્કાર, વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર ને એવા અન્ય પુરસ્કારો તેમને પ્રાપ્ત થાય એ સહજ હતું. રાજેન્દ્ર શુક્લના આરંભના ગઝલકાર્યમાં ગ્રામ્યચેતના અને નગરચેતના જરૂર છે પણ પછી સંસ્કૃત સાહિત્યનું અધ્યયન અને અધ્યાત્મની ભૂમિકાએ મનુષ્ય અને મનુષ્યત્વથી માનુષીચેતનાને પામવાની અંતર્સાધના શરૂ થઈ અને ગઝલ જાણે મંત્રોચ્ચાર [મંત્રોધ] દીક્ષિત થવા માંડી. આધુનિકતાના વિલાપમાં માણસની એકલતા, નિઃસંગતા, વિચ્છિન્નતાની અનુભૂતિ સમિય થઈ હતી તેનાથી રાજેન્દ્ર શુક્લની ગઝલ જુદી પડવા માંડી. હકીકતે તો તેને પરંપરાત અર્થમાં ગઝલ તરીકે ઓળખાવવો પણ ખોટો હતો. રાજેન્દ્ર શુક્લએ ગીતો પણ લખ્યા, અછાંદસ કાવ્યો ય સરજ્યા પણ તેમની ઓળખરૂપ સિદ્ધિ તો ગઝલમાં જ છે. રાજેન્દ્ર શુક્લને વાંચો તો તેમનો જૂનાગઢ, ગિરનાર સાથેનો ભાવાનુબંધ પણ સતત અનુભવાશે.

૧૯૬૨માં જ્યારે 'કુમાર'માં તેમની પ્રથમ કવિતા પ્રગટ થઈ ત્યારે તો આ કવિ 20 જ વર્ષના હતા. પણ પછી તેમની સર્જનશક્તિ નિરંતર ખીલતી ગઈ. ગઝલને માશૂક સાથે નાતો હોય તે તો બહુ જૂની વિભાવના છે પણ અધ્યાત્મ સાથે નાતો રચાયો પછી વિલક્ષણ રૂપે નીખરી છે. રાજેન્દ્ર શુક્લમાં અધ્યાત્મના અનુભવ જાણે સાધક તરીકેનાં અનુભવી શકો અને તેજ ત્યાં મનુષ્યનું હોવું એક વિરાટ બ્રહ્માંડની સતત લીલામય પ્રકૃતિ તરીકેનું છે. જીવનનાં ગૂઢ રહસ્યો સાથે તેઓ કામ પાડે છે. માણસની મૂળભૂત અવસ્થાની વ્યાકુળતા પ્રગટ કરે છે. તેમનામાં છંદની શિસ્ત છે તેમાં સંગીત પ્રત્યેનો રાગ પણ કહી શકાશે. આ કારણે જ જે લયનું સૌંદર્ય પ્રગટે છે તે તેમની ગઝલને મુદ્રિત સ્વરૂપથી આગળ વધી શ્રુતિ તત્ત્વ સુધી વિસ્તારે છે.

રાજેન્દ્ર શુક્લની કેટલાક ગઝલો તો એવી છે જે સાહિત્યસંસ્કાર પામેલા ભાવકો વાતચીતમાં પણ ઉમેરી પોતાની અભિવ્યક્તિમાં સૌંદર્ય ઉમેરે. જેમ કેઃ

આ અહીં પહોંચ્યા પછી આટલું સમજાય છે, કોઈ કંઈ કરતું નથી, આ બધું તો થાય છે. સમાઈ ક્યાં શકું છું હું નગરમાં કે મહાલયમાં? ગુહા જેવું ગહન કાંઠે મને ગિરનાર સંઘરશે. મનને સમજવો નહીં કે મન સમજતું હોય છે, આ સમજ, આ અણસમજ, એ ખુદ સરજતું હોય છે.

લો કરું કોશિશ ને ફાવે તો કહું,
શબ્દ જો એને સમાવે તો કહું.

ગુજરાતી ગઝલ રાજેન્દ્ર શુક્લના આવ્યા પછી જેવી થઈ તેવી હવે નહીં થશે.

ગઝલમાં જે રાજેન્દ્ર શુક્લપણું ઉમેરાયું તે અબોટ છે. મકરંદ દવેની કવિતામાં પમાતું યા હરીશ મીનાશ્રુની કવિતામાં પમાતું અધ્યાત્મ જુદું છે ને રાજેન્દ્ર શુક્લનું જુદું છે. કાવ્યત્વની શરત તેમણે હંમેશા પાળી:

ઊંટ ભરીને આવ્યું રે અંધારું લ્યો
આ પોઠ ભરીને આવ્યું રે અંધારું લ્યો

કોઈ લિયે આંજવા આંખ
કોઈ લિયે માંજવા ઝાંખ
અમે તે ઉંબરમાં ઉતરાવ્યું રે
અંધારું લ્યો...

રાજેન્દ્ર શુક્લનું હવે ન હોવું ગુજરાતી કવિતાને બહુ ખટકશે. આપણી કાવ્યપરંપરાને તેમણે જે રીતે સમૃદ્ધ કરી છે અને અપૂર્વતા ઉમેરી છે તે હંમેશ ધન્યતાનો ભાવ જગાડશે. તેમણે પોતે ગઝલની આગવી વ્યાખ્યા કરી છે અને એ વ્યાખ્યા, એ વિભાવનાથી જ તેમના કાવ્યકર્મને ઓળખવું જોઈશે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

યુગસંધિનો સુવર્ણ સમય

સમગ્ર વિશ્વ અત્યારે પરિવર્તનશીલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વમંચ પર ચાલી રહેલું મહાનાટક કળિયુગને તેના અંત તરફ લઈ જઈ સુવર્ણ એવા સતયુગની નવી સવારનું આગમન કરી રહ્યું છે. સતયુગમાં પ્રત્યેક મનુષ્ય ચતુર્થ પરિમાણમાં જીવન વ્યતીત કરશે, અર્થાત્ પ્રત્યેક ક્ષણ સ્વયં ઊર્જા છે એવી અનુભૂતિ સાથે જીવન જીવશે. હાલ યુગસંધિનો સુવર્ણ સમય ચાલી રહ્યો છે. આ સમયગાળા દરમિયાન મનુષ્ય પોતાના સદ્કર્મો, સાધના, સંયમ અને પુરુષાર્થ દ્વારા ઉચ્ચ દિવ્ય ચેતનાને ગ્રહણ કરી દેવત્વ પ્રાપ્ત કરી શકે છે. આ પરિવર્તન